ફકત એમનું માન રાખું છું હું, ડરાવે તો ડરતાં નથી ફાવતું!

"પ્રો. નરેશ શાહ એક ઉમદા વ્યક્તિ છે," નવયુગ આર્ટસ કોલેજના પ્રિન્સિપાલ માઈક થોડું આગળ ખેંચીને બોલ્યા. સ્ટેજ પર પ્રો. નરેશ શાહની સાથે કોલેજના અધ્યાપકો પણ બેઠા હતા. નીચે સભાગાર વિદ્યાર્થીઓથી ચિક્કાર ભરેલો હતો.

"આજે એ રિટાયર્ડ થાય છે," પ્રિન્સિપાલે એમનું વક્તવ્ય આગળ ચલાવ્યું, "પણ એમને વિદાય આપવાનું મન નથી થતું. સદૈવ એમણે કોલેજ અને વિદ્યાર્થીઓનું ભલું ઈચ્છ્યું છે. ઉપ વરસમાં કદી કોઈની સાથે ક્યાંય ઝગડો કે વિવાદ એમને નથી થયો. ઊલટાનું, વિદ્યાર્થીઓ વચ્ચે ક્યારેક ઝગડો થયો હોય તો એ ત્યાં જતા અને એમની હાજરીમાત્રથી જ ઝગડો શાંત થઈ જતો. હું એમની નિવૃત્તિ પછીની જિંદગી માટે શુભકામનાઓ પાઠવું છું."

આટલું કહીને પ્રિન્સિપાલ બેસી ગયા અને ગુજરાતીના બીજા અધ્યાપક રમેશભાઈ ગાંધી બોલવા ઊભા થયા.

"નરેશભાઈ અમારા ગુજરાતી વિભાગના વડા હતા," રમેશભાઈ બોલ્યા, "પણ એમણે કદી પોતે વડા છે એવી ભાવના રાખી જ નહોતી. સૌની સાથે હળીમળીને જ રહેતા. એમના સ્વભાવની ખાસિયત એ છે કે, તેઓ એકદમ શાંત સ્વભાવના છે. એમને કકળાટ ગમતો નથી. કોઈ એમની સાથે જોરથી વાત કરે એ પણ એમને ગમતું નહીં. પોતાનું દરેક કામ એ જાતે જ કરી લેતા, કોઈ કામ ભૂલતા નહીં. પોતે ભૂલી જાય અને કોઈ એમને યાદ કરાવી દે, એ પણ એમને ગમતું નહીં. આવા શાંતિપ્રિય સાહેબની વિદાય અમારી આંખ ભીની કરી દે છે."

બોલતાં બોલતાં એમની આંખો ખરેખર ભીની થઈ ગઈ હતી. ઘણા વિદ્યાર્થીઓની અને ખાસ તો છોકરીઓની આંખોની પાંપણ પર પણ આંસુનાં તોરણ બંધાઈ ગયાં હતાં. લગભગ કલાક સુધી કાર્યક્રમ ચાલ્યો. પ્રોફેસર શાહનાં પત્ની નીલમબહેન અને એમનો પુત્ર હરેન ને એની પત્ની નેહા પણ સભાગારમાં ઉપસ્થિત હતાં.

સમારંભ પછી ભેટસોગાદનો દોર ચાલ્યો. પ્રો. નરેશ શાહ ભીની આંખે બધાની ભેટ સ્વીકારતા રહ્યા.

એ પછી હોલની બહારની લોબીમાં જ ભોજનસમારંભ ગોઠવાએલો. શાહસાહેબના ખાસ મિત્ર ભરતભાઈ ધડૂકે બધી તૈયારીઓ કરીને રાખેલી. શાહસાહેબને ઘારી પ્રિય હતી અને ભરતની તો ઘારી બનાવવામાં માસ્ટરી હતી. જમવાનું શરૂ થયું. શાહસાહેબે ડીશમાં પહેલા જ ઘારી લીધી અને એમનાં પત્ની નીલમબહેને એમની સામે જોયું. એ કશું બોલ્યાં નહીં પણ આંખોનો મૌન ઠપકો શાહસાહેબે સાંભળી લીધો. છતાં, એમણે ઘારી તો લીધી જ.

"સાહેબ," પીરસનાર સુરેખાબહેને આગ્રહ કર્યો, "હજી એક ઘારી લો ને, તમને તો ઘારી પ્રિય છે."

"પ્રિય તો છે," શાહસાહેબ હસ્યા, "પણ પાછળ જો, તારી ભાભી એક ઘારી લીધી એમાં પણ ઘુરકિયા કરે છે, બીજી લઈશ તો તો શું થશે એની કલ્પના પણ કરી ન શકાય. તું મારા બદલે ભરતને ખવડાવી દેજે, એ રસોઈયા મહારાજ ઝાપટી જશે!"

એ આગળ ચાલ્યા ને બીજી વસ્તુઓ ડીશમાં લઈને એણે જમવાનું શરૂ કર્યું.

લગભગ કલાકેક પછી બધું પત્યું ને પ્રો. નરેશ શાહ પત્ની અને પુત્રવધૂ સાથે દીકરાની કારમાં ગોઠવાયાં. કાર એમના હની પાર્કના નિવાસસ્થાન તરફ આગળ વધી.

ચારે જણા ઘરમાં દાખલ થયા ત્યારે સાંજ ઢળી ગઈ હતી. સાંજના જમીને શાહસાહેબ આરામથી પલંગમાં આડા પડ્યા. હની પાર્કના એમના ૨૩૦ નંબરના બંગલામાં એમણે ઉગાડેલ રજનીગંધાના ફૂલોની મંદ મંદ મહેક આવતી હતી. આજે પહેલી વાર એમને એ સુગંધનો અહેસાસ થયો! બીજા દિવસથી એમને મળવા આવનારનો સિલસિલો શરૂ થયો. અધ્યાપકો, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને બીજા ઓળખીતાઓ વારાફરતી લગભગ એક અઠવાડિયા સુધી એમને મળવા આવતા રહ્યા. એ આખું અઠવાડિયું શાહસાહેબ ક્યાંય બહાર જઈ ન શક્યા. કોલેજ જવાનું તો હવે હતું નહીં, પેન્શનના ને બીજા કાગળો તો ક્યારના એમણે રજૂ કરી દીધા હતા એટલે હવે પૈસા આવે એની જ માત્ર રાહ હતી પણ શાહસાહેબને એમાં બહુ રસ નહોતો.

અઠવાડિયા પછીના દિવસે બપોરના જમતી વખતે નીલમે એમની સામે જોયું.

"કહું છું," નીલમ બોલી, "તમે આખો દિવસ ઘરમાં પડ્યા રહો છો તો હવે સાંજના ક્યાંક બહાર ચાલવા નીકળો. ચાલશો તો પગ સારા રહેશે. એક ડૉક્ટરે તો એવું કહ્યું છે કે, મૃત્યુની શરૂઆત પગથી થાય છે એટલે તમારા પગની તંદુરસ્તી માટે રોજ ચાલવાનું રાખો."

"સારું," શાહસાહેબ બોલ્યા, "આજ સાંજથી જ હું રોડની સામેની સાઈડમાં મ્યુનિસિપાલિટીનો બગીચો છે, ત્યાં ફરવા જઈશ." સાંજના એ ઘરની બહાર નીકળ્યા.



હું જોઉં છું કે, તમે ચારે બાજુ ડાફોળિયા મારતાં મારતાં જ બગીચે જાવ છો. શું દાટ્યું છે બધે કે આમ ડાફોળિયા મારો છો? તમારી પાસે પૈસા આવવાના છે એટલે કોઈ અળવીતરી તમને લૂંટી લેશે

આજે પહેલી વાર એ સોસાયટીમાંથી ચાલતા નીકળ્યા એટલે એ સોસાયટીનું નિરીક્ષણ કરતા કરતા ધીમે ધીમે ચાલતા જતા હતા. એમને બધું નવું નવું લાગતું હતું. પોતાની સોસાયટી આવી છે, એનો એમને આજે જ ખ્યાલ આવ્યો!

એ બગીચે પહોંચ્યા પછી થોડી વાર એક બેન્ચ પર બેઠા. પછી એમણે ધીમે ધીમે બગીચામાં રાઉન્ડ મારવાનું શરૂ કર્યું. ઘણાં બધાં લોકો ચક્કર મારતાં હતાં.

લગભગ કલાકેક ચક્કર માર્યા પછી નરેશભાઈ ઘેર આવ્યા. હવે તો, 'શાહસાહેબ'નું પદ છીનવાઈ ગયું હતું, માત્ર શાહભાઈ તરીકે જ લોકો એમને ઓળખવાના હતા એનો એમને ખ્યાલ હતો. "આવી ગયા?" નીલમબહેને પૂછ્યું, "મઝા આવીને ચાલવાની?" "હા," નરેશભાઈએ ખુરશી પર બેસીને બૂટ કાઢતાં કહ્યું, "મઝા તો આવી પણ થાક પણ ખૂબ લાગ્યો છે. થોડી ચા બનાવી દઈશ?"

"હમણાં જમવાનો ટાઈમ થશે," નીલમબહેને કહ્યું, "ને અત્યારે તમારે ચા પીવી છે? તબિયતનો કૈંક ખ્યાલ કરો. છાનામાના કપડાં બદલીને નીચે આવો, પછી દીકરોવહુ આવે એટલે જમવા જ બેસી જઈએ."

શાહસાહેબને ધક્કો લાગ્યો. આવી રીતે નીલમે અત્યાર સુધીમાં કદી એમની સાથે વાત નહોતી કરી, રિટાયર્ડ થયાના પહેલા જ દિવસે એમને અનુભવ થયો કે હવેની દુનિયા જુદી જ છે.

શબ્દબાણ સહન કરીને એ ઉપર પોતાના રૂમમાં ગયા. કપડાં બદલ્યાં ને નીચે બેઠકરૂમમાં સોફા પર બેઠા. સામે દીવાલ પર મોટું ટી.વી. લટકતું હતું ને એમની બાજુમાં રિમોટ પડ્યું હતું.

આજ સુધી એમણે ટી.વી. જોયું જ નહોતું, આજે એમને વિચાર આવ્યો કે ચાલો, દુનિયામાં શું ચાલે છે એ જોઈએ. એમણે રિમોટથી ટી.વી. ચાલુ કર્યું. ચેનલ પર જાતજાતના સમાચાર આવતા હતા. દુનિયા આખીમાં શું ચાલે છે એ જોઈને શાહસાહેબને કંટાળો આવ્યો, ને એમણે ટી.વી. બંધ કર્યું.

જો કે હવે શું કરવું એનો એમને ખ્યાલ ન આવ્યો. એ ઊભા થયા ને પોતાના રૂમમાં જઈને રમેશ પારેખનો કાવ્યસંગ્રહ લઈ આવ્યા. અનેક વાર વાંચેલી ને ભણાવેલી કવિતાઓ એમણે ફરીથી વાંચવાની શરૂ કરી. ક્યાંય સુધી એ વાંચતા રહ્યા. હરેન અને નેહા પણ નોકરી થી આવી ગયાં એનો એમને ખ્યાલ ન રહ્યો "સાંભળ્યું," નીલમબહેન બોલ્યાં.

"તું કૈં બોલે તો સાંભળું ને?" શાહસાહેબ હસ્યા, "બોલ, શું કહે છે?"

"છોકરાઓ આવી ગયાં છે," નીલમબહેન બોલ્યાં, "હવે જમવા બેસી જઈએ. તમે ડાઈનિંગ ટેબલ પર બિરાજો." નરેશભાઈ ડાઈનિંગ ટેબલ પર ગોઠવાયા. હરેન ને નેહા પણ નીચે આવી ગયાં ને એની સામે ગોઠવાઈ ગયાં. નીલમે બધું ડાઈનિંગ ટેબલ પર જ મૂક્યું હતું એટલે ફટાફટ જમવાનું ચાલુ થયું. "કેમ રહે છે પપ્પા," હરેને પૂછ્યું, "રિટાયર્મેન્ટ પછીનો દિવસ કેવો રહ્યો?" "સામાન્ય રહ્યો," નરેશભાઈ બોલ્યા, "સાંજના બગીચામાં ગયો હતો." થોડી ઘણી વાતચીત ચાલી ને પછી સૌ સૌના રૂમમાં પેસી ગયાં. નીલમને રસોડાનું થોડું કામ બાકી હતું એટલે એ આવે ત્યાં સુધી નરેશભાઈએ એક પુસ્તક બાજુના રેકમાંથી ખેંચી કાઢ્યું. એમણે હજી વાંચવાની શરૂઆત જ કરી હતી, ત્યાં નીલમબહેન આવી ગયાં. "હવે શું ચોપડામાં માથું નાખ્યા કરો છો?" નીલમબહેને કહ્યું, "હવે મૂકો પૂળો તમારા ચોપડામાં ને ધ્યાન આપો છોકરામાં." નરેશભાઈને ઝાટકો લાગ્યો. જે પુસ્તકો સાથે એમણે જિંદગીનો મહત્ત્વનો સમયગાળો પસાર કર્યો એમાં જ નીલમ પૂળો મૂકવાનું કહેતી હતી એ એમને સ્હેજેય રુચ્યું નહીં.

"છોકરામાં શું ધ્યાન આપવાનું છે?" નરેશભાઈ બોલ્યા, "એની બેન્કની નોકરી છે ને નેહાને મેં જ એક હાઈસ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી અપાવી છે, હવે શું ધ્યાન આપવાનું છે?"

"હવે હરેનની ઈચ્છા પાવરલૂમની ફેક્ટરી ખોલવાની છે," નીલમબહેને કહ્યું, "એ બેન્કની લોન તો લેવાનો જ છે, પણ છતાં પૈસાની જરૂર પડશે. તમારા પૈસા ક્યારે આવશે? કેટલા આવશે?"

"મારા પૈસા આવતા મહિને આવી જશે," નરેશભાઈ બોલ્યા, "લગભગ પચાસેક લાખ રૂપિયા તો આવશે જ. કદાચ વધારે પણ આવે ને પેન્શન પણ દોઢ લાખ રૂપિયાનું આવતી પહેલી તારીખથી જ શરૂ થઈ જશે."

"વાહ વાહ," નીલમબહેને કહ્યું, "તો હરેનને પચ્ચીસ લાખની જરૂર પડશે, એ આપણે એમાંથી આપી દઈશું."

"સારું," નરેશભાઈ બોલ્યા, "તને ઠીક લાગે એમ કરજે પણ પૈસા સચવાઈ રહે એમ કરજે. વેપારમાં તો નફો ને ખોટ બન્નેની શક્યતાઓ રહેલી હોય છે."

નીલમબહેને કંઈ જવાબ આપ્યા વિના એમની બાજુમાં લંબાવ્યું. નરેશભાઈને પણ થાકના લીધે ઊંઘ આવી ગઈ.

બીજા દિવસે રોજની જેમ એ પાંચ વાગ્યે જાગી ગયા ને રસોડામાં જઈને ચા બનાવીને કપ લઈને ડાઈનિંગ ટેબલ પર બેઠા. એટલી વારમાં તો નીલમબહેનની પધરામણી થઈ! "અરે," એણે કહ્યું, "હવે ક્યાં નોકરીએ જવાનું છે કે આટલા વહેલા જાગો છો? તમે તો બીજાની ઊંઘ પણ બગાડો છો. ખબરદાર જો કાલથી વહેલા જાગ્યા છો તો."

નરેશભાઈ સડક થઈ ગયા. આવું સાંભળવાની તો એમને સ્હેજેય ટેવ નહોતી ને આવું સહન કરવાની પણ એમની તૈયારી નહોતી પણ આ તો ઘર હતું, નીલમને શું જવાબ આપવો એ એમને સૂઝ્યું નહીં. એમણે મૂંગા મૂંગા ચા પી લીધી. જો કે એમને લાગ્યું કે પોતાના સ્વભાવથી વિરુદ્ધનું આવું રોજ સાંભળવું પડશે તો પોતાની દશા કેવી થશે એ વિચારવું પડશે. થોડી વાર પછી હરેન પણ નીચે આવ્યો, એની પાછળ નેહા પણ આવી. નીલમબહેને બધાંને માટે ચા બનાવી. નરેશભાઈને પણ આપી. "પપ્પા," હરેન બોલ્યો, "મને મમ્મીએ વાત કરી કે, તમે પૈસા આપવાના છો પણ વેપારમાં નફો ને નુકસાન બન્નેની તૈયારી રાખવી પડે એવું પણ તમે કહ્યું. એવું તમે શા માટે કહ્યું ? હું કંઈ નાનું છોકરું છું કે ખોટ જતી હોય એનું ધ્યાન ન રાખું?" ફરી વાર નરેશભાઈને ધક્કો લાગ્યો. પોતે ઉછેરીને મોટો કરેલો છોકરો આજે પહેલી વાર પોતાની સામે આટલું બોલે, એ એમને અસહ્ય લાગ્યું. એ સમસમીને બેસી રહ્યા, કશો જવાબ આપ્યા વિના. બપોરે એ જમવા બેઠા ને થાળીમાં એમને નજર ગઈ. રોટલી, વાટકીમાં દાળ અને શાક હતું.

"કૈં ગળપણ નથી?" નરેશભાઈએ પૂછ્યું, "કોઈ મિઠાઈ કે એવું કશુંક? આપણે કાયમ તો ગળપણ ખાઈએ જ છીએ." "કાયમ ખાતા હતા," નીલમબહેન બોલ્યાં, "પણ હવે તમે રિટાયર્ડ થયા છો, તમારી ઉંમર પણ બાસઠ વરસની થઈ છે એટલે ગળપણનો મોહ આજથી જ છોડી દો. ડાયાબિટિસ થઈ જશે તો મુશ્કેલી ઊભી થશે." "ડાયાબિટિસ ગળપણ ખાવાથી ન થાય," નરેશભાઈ બોલ્યા, "ડાયાબિટિસ હોય તો ગળપણ ન ખવાય એટલું ધ્યાન રાખજે." "હું તો તમારું ધ્યાન રાખું છું," નીલમબહેન બોલ્યાં, "હવેથી તમારે નિયમિત સાદું ભોજન જ લેવાનું છે એટલું ધ્યાનમાં રાખજો."

"પણ હું ક્યાં સંન્યાસી છું કે મારે સાદું ભોજન લેવું પડે?" નરેશભાઈએ સ્હેજ ઊંચા અવાજે કહ્યું, "હજુ મારા બધા દાંત સાબૂત છે ને મને કોઈ રોગ નથી એટલે ગળપણની ઈચ્છા તો થાય જ ને? બપોરે જ ભરત ધડૂકને ફોન કરીને ઘારી મંગાવી રાખજે." "પપ્પા," હરેન બોલ્યો, "હવે એ બધું રહેવા દો ને શાંતિથી જીવો ને બધાંને જીવવા દો." ફરી સમસમી ઊઠ્યા નરેશભાઈ પણ ઘારીનો ટુકડો ગળતા હોય એમ અપમાનનો ટુકડો પણ એ ગળી ગયા. સાંજના નરેશભાઈ બગીચામાં જવા નીકળ્યા. અગાઉ જણાવ્યું એમ, બગીચો એમની સોસાયટીની બહાર નીકળીને, સામેની સોસાયટી ક્રોસ કરતાં સામે જ આવેલો હતો. એ ધીમે ધીમે ચાલતા, આજુબાજુ નજર કરતાં નીકળ્યા. થોડી વાર બેન્ચ પર બેઠા પછી એમણે ચાલવાનું શરૂ કર્યું. લગભગ એકાદ કલાક એમણે બગીચામાં ચક્કર માર્યા ને થાકીને ઘર તરફ આવવા નીકળ્યા. "આવી ગયા?" એ ઘેર પહોંચ્યા કે તરત નીલમબહેને પૂછ્યું, "બહુ વાર લગાડી. આટલી બધી વાર શું કરતા હતા?" "થોડી વાર બેન્ચ પર બેઠો," નરેશભાઈએ કહ્યું, "ને પછી બગીચામાં ચક્કર માર્યા ને થાકીને ઘેર આવ્યો." "બગીચામાં જ ચક્કર મારજો," નીલમબહેને કહ્યું, "બીજે ચક્કર ન મારતા."

"એટલે તું શું કહેવા માગે છે?" નરેશભાઈએ સ્હેજ ઊંચા અવાજે પૂછ્યું.

"સામેની સોસાયટીના એક મકાનમાં જે સ્ત્રી રહે છે એનું ચારિત્ર્ય સારું નથી," નીલમબહેન બોલ્યાં, "હું જોઉં છું કે, તમે ચારે બાજુ ડાફોળિયા મારતાં મારતાં જ બગીચે જાવ છો. શું દાટ્યું છે બધે કે આમ ડાફોળિયા મારો છો? તમારી પાસે પૈસા આવવાના છે એટલે કોઈ અળવીતરી તમને લૂંટી લેશે." હવે નરેશભાઈની સહનશીલતાનો બંધ તૂટી ગયો. એમને લાગ્યું કે હું બધાની આમન્યા રાખું છું પણ એ સૌ મને ડરાવે તો એ હું સહન વધારે નહીં કરી શકું. એ રાત્રે એમણે કપડાં એક નાની એટેચીમાં ભર્યાં ને વહેલી સવારે એણે નીલમને જગાડી.

"હું થોડો સમય બહાર જાઉં છું," નરેશભાઈ બોલ્યા, "પૈસા આવે એટલે તારા ખાતામાં ટ્રાન્સફર થઈ જશે ને મારું પેન્શન પણ તારા ખાતામાં ટ્રાન્સફર થઈ જશે. મારું પાછું આવવાનું નક્કી નથી. આવજે." નીલમના જવાબની રાહ જોયા વિના એ સડસડાટ ઘેરથી નીકળીને સ્ટેશન પહોંચી ગયા ને હરિદ્વારની ટિકિટ લઈને એ ટ્રેનમાં પણ બેસી ગયા!

(શીર્ષકપંક્તિઃ શૈલેશ ગઢવી)

નિરંજન ચાફ્રિક